Extra No. 348

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, SEPTEMBER 26, 2025 / ASVINA 4, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધાં :

(૧) કા.ઈ શ્રી માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), જિ.અરવલ્લી નો પત્રકમાંક જા.નં/પી.બી/૩૦૦૬/૨૦૨૫, તા.૧૧/૦૯/૨૫

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(ખ)

(૩) મોટર વેહિકલ એક્ટ-૧૯૮૮

(૪) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાક: નં/ડીસી/પીઓએલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)(ખ)/વશી/૫૬૨/૨૦૨૫

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (ખ) હેઠળ

નં/ડીસી/પીઓએલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)(ખ)/વશી/ ૭૮૪/૨૦૨૫.-અરવલ્લી જિલ્લાના રાજ્યમાર્ગ ઈડર-ભિલોડા-શામળાજી રોડ કિ.મી ૧૩૯/૩૦૦ થી ૧૪૭/૩૦૦ ના અનુભાગ કિ.મી ૧૪૧/૮૦૦ પર આવેલ હાથમતી બ્રિજનું કસાડ કન્સલ્ટન્સી દ્વારા તા.૧૨/૦૭/૨૫ ના રોજ વિઝિટ કરવામાં આવેલ હતી તેમજ તેઓએ આપેલ કન્સલ્ટન્સી રિપોર્ટ અનુસાર સદર હાથમતી બ્રિજ ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવાનું જણાવવામાં આવેલ છે, જે અન્વયે અત્રેની કચેરીએથી સંદર્ભ-૪ના પત્રથી બે માસ માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ પરંતુ સંદર્ભ-૧ના પત્રથી રી-કંસ્ટ્રકશન કરવાનુ હોઈ તેમ જણાવી વધુ ૬ માસ માટે જાહેરનામુ લંબાવવા જણાવેલ છે.

આથી હું ડી.વી.મકવાણા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ ૩૩ (૧) (ખ) હેઠળ મળેલ સત્તાની રુએ ઈડર-ભિલોડા-શામળાજી રોડ ઉપર આવેલ હાથમતી બ્રિજ પર ભારે વાહનોની અવરજવર બંધ કરવા ફરમાવું છું.

સદર જાહેરનામાની મુદત પ્રસિધ્ધ થયેથી ૨ માસની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૧ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૧ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૯/૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:26:40 IST